# MEA's role in enabling safe, legal, smart and stable international migration during Covid-19

September 04, 2020

## કોવિડ-19 દરમિયાન સુરક્ષિત, કાયદેસર, પ્રબુદ્ધ અને સ્થિર આંતરરાષ્ટ્રિય સ્થળાંતરણ સક્ષમ બનાવવામાં વિદેશ મંત્રાલયની ભૂમિકા

સપ્ટેમ્બર 04, 2020

કોવિડ-19 ને કારણે આંતરરાષ્ટ્રિય સ્થળાંતરણ પર વિશેષ પડકારો ઉભા થયા હતા અને ઘણા ભારતીય કર્મચારીઓને પરત વતન આવવું પડ્યું હતું, તેમ છતાં વિદેશમાં રહેતા મોટાભાગનાં કર્મચારીઓએ તેઓનાં યજમાન દેશોમાં કામ કરવાનું ચાલું રાખ્યું હતું.

સુરક્ષિત, કાયદેસર, પ્રબુદ્ધ અને સ્થિર સ્થળાંતરણ પ્રેરક પર્યાવરણ પ્રદાન કરવા અને કોવિડ-19 નાં પડકારોને પ્રતિભાવ આપવા વિદેશ મંત્રાલયે તમામ હિતધારકો સાથે નિકટતાથી કામ કર્યું છે.

યજમાન દેશો સાથે પરામર્શમાં, ખાસ કરીને ગલ્ફમાં, અમારા સાથીદારોએ ભારતીય કર્મચારીઓ અને વ્યાવસાયિકોનાં નોંધપાત્ર યોગદાનોની પ્રશંસા કરી છે અને તેઓનાં પરત ફરવાને આવકાર આપ્યો છે. વાસ્તવમાં કેટલાક ક્ષેત્રોએ આરોગ્ય સંભાળ અને ડિજિટલ કર્મચારીઓ અને વ્યાવસાયિકોનાં સ્થળાંતરણનાં ફરીથી જીવંત થવા સાથે સકારાત્મક વલણ દર્શાવ્યું છે. ઈ-માઈગ્રેટ સાથે વિદેશી સ્થળાંતરણ મંચોનાં સંકલન કરવાનાં અમારા સંયુક્ત પ્રયાસોએ પણ ભારતીય માઈગ્રન્ટ કર્મચારીઓ માટે ભવિષ્ય પણ સુધાર્યું છે. ભારતીય કર્મચારીઓ અને વ્યાવસાયિકો માટે નવા ક્ષેત્રો અને નવા ગંતવ્ય સ્થાનો ઉભરી રહ્યા છે.

સ્થળાંતરણની પ્રક્રિયામાં રજીસ્ટર્ડ રીક્રુટમેન્ટ એજન્સીઓની મહત્વની ભૂમિકાની ઓળખ કરતા, વિદેશ મંત્રાલયે રીક્રુટમેન્ટ એજન્સીઓએ સામનો કરવો પડ્યો હતો તેવી મુશ્કેલ આર્થિક પરિસ્થિતિઓમાંથી છૂટકારો અપાવવા અને કોવિડ-19 દરમિયાન પણ આંતરરાષ્ટ્રિય સ્થળાંતરણને પુનઃજીવીત કરવામાં મદદરૂપ થવા તેઓની કામગીરીઓમાં સુવિધાઓ પ્રદાન કરવા માટે બેંક ગેરેંટીમાં 50% ઘટાડો, 31 માર્ચ 2021 સુધી લાયસન્સનાં મફત એક્સ્ટેન્શન સહિત મોટી સંખ્યામાં કોવિડ-19 બાબતની રાહતો પ્રદાન કરી છે. આ પગલાઓ પરંપરાગત અને નવા ક્ષેત્રો અને ગંતવ્ય સ્થાનોમાં માઈગ્રન્ટ્સની વાપસી શરૂ કરવા વધારે સારું પર્યાવરણ પ્રદાન કરશે.

વિદેશ મંત્રાલયે પ્રસ્તાવિત નવો ભવિષ્ય-લક્ષી સ્થલાંતરણ વ્યવસ્થાપન ખરડો તૈયાર કરવા માટે હિતધારકોનાં સત્રનું આયોજન કર્યું હતું, જે ખરડાને ટૂંક સમયમાં રજૂ કરવામાં આવશે.

વિદેશ મંત્રાલય કોવિડ-19 દરમિયાન સુરક્ષિત, કાયદેસર, પ્રબુદ્ધ અને સ્થિર આંતરરાષ્ટ્રિય સ્થળાંતરણને પ્રોત્સાહિત કરે છે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 04, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.